


## સલામી સવારની..

*ઉલ્લંઘીને હદ-મર્યાદા, આચારને પી જાય છે!*
*સન્માનતા નથી સંહિતાને ઘોળીને પી જાય છે!*
*પી જાય છે નોટીશો નચોવીને, ગુન્હાઓં કે દેવતા -*
*ચાલે નિજ મસ્તીમાં હાથીઓ, પંચને પી જાય છે!*

હાઈકુ

*લ્યો! આવી ગયા,*
*અમેરિકામાં પણ -*
*નરેન્દ્ર ટ્રંફ!!*
*(બધી રીતે - ચર્ચાસ્પદ પ્રમુખ)*

*ચાલતી નથી,*
*'સાઈકલ' સરળ -*
*પંચરવાળી...*
*(ટ્યુબમાં થીગડ થાગડ)*

## ચિંતન

**સર્વ જયત્વક્રોધ :**

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ક્રોધ માણસનો સૌથી મોટો શત્રુ છે તે મનુષ્યની બુદ્ધિને નષ્ટ કરી નાખે છે. ક્રોધ પર કાબૂ મેળવનાર વ્યક્તિ સૌની પ્રિય હોય છે. આથી ક્રોધને જીતવો એ સમગ્ર વિશ્વને જીતવા બરાબર છે.

સંત-મહાત્મા-સજ્જન લોકો ભક્તિ તપ કરે છે પણ તેમનું અંતિમ લક્ષ્ય તો પોતાના મન પર, સંપૂર્ણ રીતે પોતાનો કાબૂ મેળવવાનું જ હોય છે જે ઈન્દ્રિયો પર વિજય મેળવી લે છે તે જ સાચો તપસ્વી છે. 'ક્રોધ' એ બધામાં મોટી નબળાઈ છે ગમે તેવા સંતની ભક્તિ - સાધના - તપ ને ક્ષણભરમાં ધોઈ નાખે - ભસ્મ કરી નાખે તેવા ક્રોધ પર વિજય મળે તે જ સાચી સાધના-સિદ્ધિ છે.

## સુવિચાર

- બીજા શું કરે છે તેની પરવા ન કરવી, પણ મારી શી ફરજ છે તે વિચારનાર અને જીવનમાં ઉતારનાર મહાન બને છે - **સરદાર પટેલ**
- આશા સાચા અર્થમાં સાથીદાર છે, સફળતાની માતા છે, જેઓ આ વાત સમજીને ચાલ્યા છે તેઓએ ચમત્કારો સર્જ્યા છે - **અન્ટોન ચેખોવ**
- માણસને સોનું જોઈતું હોય તો તેણે જમીન ઊંડે સુધી ખોદવી જોઈએ, નહીં તો ઘાસથી સંતોષ માનવો જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- મુઝે ક્યાં હક હે કિસી કો મેં મતલબી કહું... મૈં તો ખૂદ અપને રબ કો મુસીબમો મેં યાદ કરતાં હું...! - **પ્રેમચંદ**
- પ્રત્યેક નવા દિવસની શરૂઆત એક અપેક્ષાઓ સાથે થાય છે, અને એક અનુભવ સાથે પૂર્ણ - **અખંડ આનંદ**
- એકમેકમાં હરિદર્શન કરીએ તો જ રાગ-દ્વેષનું મૃત્યુ થાય - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : મમરા અને ખડી સાકરનો ઉકાળો પીવાથી બળતરા દાહ મટે છે **(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

જપ-તપ-શાસ્ત્રો એ બધા આત્માની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનાં સાધન છે 'મન'ની પરમ શાંતિ 'અક્રોધ'માં છે. ક્ષમાથી અક્રોધ પ્રાપ્ત થાય છે એ જ 'મુક્ત' સ્થિતિ છે.

એક યુવાન સંત પાસે પોતાની વ્યથા ઠાલવતાં કહેવા લાગ્યાં - હું કલાકો સુધી આંખો બંધ કરી એકાંતમાં બેસું છું. પણ મન તો કયાંકનું કયાંક ફરે છે - મન સ્થિર થતું નથી - વિચારો અને બનાવો નો ગુસ્સો - ઉશ્કેરાટ જતો નથી.

સંત કહે - અહીં મારી સામે જ 'ધ્યાન' કર. યુવાન ધ્યાનમાં બેઠો. કંઈક નિંદ્રા જેવું થયું. સંત બાજુમાં સફાઈ કરતી બહેનને ઈશારો કર્યો - પેલી સ્ત્રીએ યુવાનને ઝાડુ અડાડી ત્યાં જ સફાઈ કરી.

યુવાન ગુસ્સામાં ઊભો થઈ તે પેલી સ્ત્રી ને ગમે તેમ બોલવા લાગ્યો - 'મારું ધ્યાન ભંગ થઈ ગયું.'

સંત કહે - ભાઈ ધ્યાન કરવા માટે પ્રથમ ક્ષમાભાવ સાથે મનના આવેગો સ્થિર થાય તે જરૂરી છે. ક્રોધ ન કરાય - ક્ષમા અપાય; તો જ મન શાંત રહે તો જ 'ધ્યાન' થાય.

યુવાનને પોતાની ભૂલ સમજાઈ.

# ઉત્તરપ્રદેશમાં ભાજપ માટે પડકાર

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરપ્રદેશ ચૂંટણી ભાજપ, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી તથા બહુજન સમાજ પાર્ટી - તમામ માટે પ્રતિષ્ઠાની ચૂંટણી બની રહી છે. સમાજવાદી પાર્ટીમાં લાંબા વખતથી ચાલતી રહેલી યાદવાસ્થળીની ફલશ્રુતિ લેખે પાર્ટીમાં વિભાજનની સ્થિતિ ઊભી થઈ ગઈ હતી પરંતુ આખરે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું હોય એવું વાતાવરણ સર્જાયું છે. કાકા શિવપાલ યાદવ અને એમના સમર્થક અમરસિંહ સામે ભત્રીજા મુખ્યમંત્રી અખિલેશનું પલ્લું ભારે સાબિત થયું, જેનો ચૂંટણી પંચ ઉપરાંત ખુદ પાર્ટીના સર્વોચ્ચ નેતા મુલાયમસિંહને પણ સ્વીકાર કરવો પડ્યો છે. સપાની ઓળખ બની ગયેલું વર્ષો જૂનું સાઈકલનું પ્રતીક ફ્રીઝ થઈ જશે એવી દહેશત હતી તે પણ ખોટી પડી છે. ચૂંટણી પંચે પાર્ટીના બહુમતી વર્ગનું અખિલેશ યાદવને સમર્થન હોઈ આ પ્રતીક સુધ્ધાં અભરામ નંદાવે અખિલેશ યાદવના નેતૃત્વવાળી સમાજવાદી પાર્ટીને ફાળવી પાર્ટીના સંસ્થાપક અને સર્વોચ્ચ નેતા મુલાયમસિંહ તથા એમના ભાઈ શિવપાલ યાદવની બોલતી બંધ કરી દીધી છે. એક તરફ મુલાયમ સતત પાર્ટીમાં ફૂટ પડાવવાનો દોષ પિતરાઈ રામગોપાલની અધિકૃત સમાજવાદી પાર્ટીએ મુલાયમને રાષ્ટ્રીય અધ્યક્ષ પદેથી ખસેડી અમરસિંહને સમૂળગા બરતરફ કરવાનું કડક પગલું ભરી રાજકીય વર્તુળોમાં સોપો પાડી દીધો છે. અમરસિંહ મોદીના ઈશારે પાર્ટીમાં ભાંગફોડ કરતા હોવાની અફવા પણ છે, સાચું-ખોટું તો જે હોય તે - પરંતુ જેનું કદાચ પ્રજા સ્તરે પણ સમર્થન સાંપડે છે. અમરસિંહનું ખંડનાત્મક ચરિત્ર ઉત્તરપ્રદેશમાં જાણીતું છે સરવાળે આખા ઝઘડામાં હેમખેમ પાર ઊતરેલા પ્રજાપ્રિય યુવાન મુખ્યમંત્રીને ચૂંટણીમાં લાભ થવાની સંભાવના સરજાઈ છે. અખિલેસ સ્લેટ ચોખ્ખી છે. એમણે પાર્ટીમાં શિવપાલ યાદવ દ્વારા સામેલ કરાયેલા અનિષ્ટ તત્વો અને બાહુબલીઓનો વિરોધ કરી પાર્ટીને ગુંડાગીરીની છાપ લાગેલી તે ભૂંસવાનો પુરુષાર્થ કર્યો છે અને એમાં સફળતા પણ મેળવી છે. એથી પણ આગળ વધીને અખિલેશ યાદવે ઉત્તરપ્રદેશમાં ભાજપનો વિજયરથ રોકવા કોંગ્રેસ સાથે સમાધાન કરી જે ગઠબંધન રચ્યું છે તે જ કાબિલેદાદ છે. ભાજપને તો આવા ગઠબંધનથી નુકશાન જ થવાનું છે. કોંગ્રેસ અને સપા વચ્ચે ચૂંટણી સમાધાન થતાં લઘુમતી સમાજના મતોનું ધ્રુવીકરણ થશે અને યાદવ સહિતની કોમોના ઓબીસી મતો પણ એમના ગઠબંધનને પ્રાપ્ત થશે. બ્રાહ્મણોના મતોમાં કોંગ્રેસ-ભાજપ અને માયાવતીની બસપા વચ્ચે વિભાજન થશે તો દલિત મતો પણ અકબંધ બસપનામાં નહીં જ પડે કારણ કે પરંપરાગત રીતે દલિતોનો એક વિશેષ વર્ગ કોંગ્રેસ સાથે રહેતો આવેલ છે. કયારેક સમાજવાદી પાર્ટીમાં ચાલતા ગુંડાવાદ અને પારિવારિક કલહને કારણે બસપા અને ભાજપ - બેઉ સત્તાની મુખ્ય દાવેદાર પાર્ટીઓ તરીકે ઊપસી રહી હતી. કોંગ્રેસે હવાઈ કિલ્લાઓ રચવાને બદલે પોતાની મર્યાદાઓ સમજીને સમાજવાદી પાર્ટી સાથેનું બેઠકોનું સમાધાન કરી લેતાં હવે સપાનું પલ્લું સ્વાભાવિક રીતે જ નમતું બન્યું છે. જો કોંગ્રેસ તમામ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખવાની જીદ પકડી રાખી હોત તો ભાજપા માટે ઉત્તરપ્રદેશની સત્તા હસ્તગત કરવાનું સહેલું બની જાય એમ હતું. કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી અને એમના ચૂંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરને આ કઠોર વાસ્તવિકતા છેલ્લે છેલ્લે પણ સમજાઈ છે એમાં પાર્ટીનાં અધ્યક્ષા સોનિયા ગાંધી અને 'બહેન' પ્રિયંકા ગાંધીએ અખિલેશ યાદવ સાથે સમાધાન ફોર્મ્યુલાની ચર્ચા પર મહોર મારીને ભાજપ-બસપાની મહત્વાકાંક્ષા સામે મોટ પડકાર ઊભો થયો છે, પ્રજા નોટબંધી અને સર્જિકલ સ્ટ્રાઈક જેવા હવાઈ મુદ્દાઓ કરતાં 'ડાઉન ટુ ઉર્થ' યુવા મુખ્યમંત્રીનાં કામોની કદર કરશે એવી અપેક્ષા સાથે સમાજવાદી પાર્ટીને અઢળક લોકપ્રિય પગલાં અને ગરીબલક્ષી કાર્યક્રમોની લહાણી કરતો ઢંઢેરો બહાર પાડ્યો છે. મોદી સામે લાલુ-નીતીશની જોડીએ બિહારમાં વિજય પતાકા ફરકાવી હતી એનું જ આંશિક પુનરાવર્તન ઉત્તરપ્રદેશમાં સપા-કોંગ્રેસ ગઠબંધનથી ઊભી થયેલ નવાં સમીકરણોમાં સંભવિત બનશે ખરું? એના જવાબ માટે તો ચૂંટણી પરિણામોની જ રાહ જોવી રહી.

## તમે મને જે વાત કહેવા આવ્યા છો તે સાચી નથી, સારી નથી, ઉપયોગી પણ નથી, તો મારે શા માટે સાંભળવી જોઈએ?

અફવાઓની ખેતી કરે છે,
નફ્ફટ રોજ ફજેતી કરે છે.
આંખ મળી ત્યાં હૈયું ખોયું,
પળમાં લેતી-દેતી કરે છે.

(ઈલિયાસ શેખ)

ગ્રીસના મહાન ફિલસૂફ સોક્રેટિસને મળવા એક ભાઈ આવ્યા. ‘‘સોક્રેટિસ, તમારા મિત્ર વિષે એક વાત મેં હમણાં જ સાંભળી. તમે જાણો છો ?'' સોક્રેટિસે કહ્યું, ‘‘તુ મારા મિત્ર વિષે કોઈ પણ વાત કહે તે પહેલાં હું ત્રણ સવાલો તને પૂછીશ. સાચા જવાબો આપજે. જો આ ત્રણમાંથીફ એં સાંભળેલી વાત સુખરૂપ પસાર થાય તો હું તારી વાત સાંભળવા માટે તૈયાર છું. તદાપિ નહિ.'' સોક્રેટિસ પ્રશ્નોનો બાદશાહ, તેણે પ્રશ્નો પૂછવાના શરૂ કર્યા. ‘‘પહેલી પરીક્ષા સત્યની છે. તેં જે વાત સાંભળી છે, તે સો ટકા સાચી છે ?''

‘‘ના આ તો કોઈકે મને કીધેલી -સાંભળેલી વાત છે. ?'' પેલા ભાઈ બોલ્યા. ‘‘હવે બીજો સવાલ. એ વાત સારી છે ? મારા મિત્ર વિશે મારે કંઈજ ઘસાતું નથી સાંભળવું. કંઈક સારું હોય તો જ કહેજો. ‘‘ સારું તો નથી જ... ખરેખર તો ....'' હજી તો એ ભાઈ વાકય પૂરું કરે તે પહેલાં સોક્રેટિસે એમને અટકાવ્યા.

સોક્રેટિસ બોલ્યા, ‘‘ ત્રીજો અને છેલ્લો સવાલ.....તમે જે જણાવવા માગો છો તે મને ઉપયોગી છે ? મને કામ લાગે તેવી માહિતી છે ?'' પેલા ભાઈએ ઘસીને જવાબ આપ્યો, ‘‘ના ભાઈ ના. બિલકૂલ નહિ.'' સોક્રેટિસે કહ્યું, તમે મને જે વાત કહેવા આવ્યા છો તે સાચી નથી, સારી નથી, ઉપયોગી પણ નથી. તો મારે શા માટે સાંભળવી જોઈએ ? તમારો ને મારો સમય શા માટે બરબાદ કરવો જોઈએ ? આજે વાત ફેલાવવાની ને વધુ ઝડપે ફેલાવવાની જાણે ફેશન ચાલે છે. ‘‘માર્કેટમેં નયા હૈ'' ફોરવર્ડ કિજીએ.- વગેરે મેસેજ સાથે નકામી, અર્થવગરની અને બીનઉપયોગી માહિતીઓ સોસીયલ મિડીયા પર ફરતી જોવા મળે છે. કોઈની ટિખળ કરવી, ટીકા-ટીપ્પણ કરવી એ માટેની કોઈ સીમા રહી નથી. પરિણામે સોસીયલ મિડીયા એક 'બકવાસ' ની કક્ષાએ પહોંચેલું જણાઈ આવે છે.

ઝડપથી ફેલાતી કોઈ ચીજ હોય તો તે છે 'અફવા'. વાતની સત્યતાની ચકાસણી કર્યા વગર અફવાને ફોરવર્ડ કરનારા દેશદ્રોહી નથી કહેવાતા. ઉલટાનું લોકો ગેરમાર્ગે દોરાય ને અટવાય-કૂટાય તેમાં આ જનોને રસ પડતો હોય છે. આવી વિકૃત મનોવૃત્તિના ભોગ બનેલાઓ




સમાજ પર મોટી આપત્તિ સમાન છે. વાત નથી સારી હોતી કે નથી ઉપયોગી હોતી. કંઈ કેટલીય બીન ઉપયોગી વાતો જયારે મિડીયા પર ફરતી થાય છે ત્યારે દેશપ્રેમીઓના જીવ બળે છે.

કોઈક છોકરાની બાઈક પર છોકરીને જોઈ નથી ને વાત ચગડોળે ચડી નથી ! આમાં કેટલાક પ્રેમ વાંચ્છુઓ કે જેમની અદમ્ય ઈચ્છા હોવા છતાં કોઈ છોકરીનો પ્રેમ મળી શકયો નથી તેવા વિકૃત આત્માઓનો ફાળો અનન્ય હોય છે. ખરેખર તો એ છોકરીને ચકકર આવતા હતાને પ્રોફેસરે તાત્કાલીક બાઈક બોલાવીને છોકરાને વિનંતી કરી કે આ છોકરીને દવાખાને પહોંચાડી દે અને તુરંત એના સગા-વ્હાલાઓને ફોન કરી બોલાવી લેવાની પણ સૂચના આપી. જે વાતમાં સચ્ચાઈ નથી જે વાત સારી નથી અને જે વાત મને ઉપયોગી નથી તેવી વાતોથી દૂર રહેવામાં જ ઔચિત્ય રહેલું છે.

મિસરી

બધો આધાર ઈશ્વર ઉપર છે, તેમ પ્રાર્થના કરો
બધો આધાર તમારા ઉપર છે, તેમ કામ કરો.

- santoshdevkar03@gmail.com

# કોઈ ગણતરી આપણા જખ્મોની કયાં કરે છે? છાતી પર ટિંગાડો ખિતાબો તો એ ગણે...

હંસા જોર સે જબ, તબ દુનિયાં
બોલી - ઈસકા પેટ ભરા કૈ...
ઔર ફુટ કર રોયા જબ,
તબ બોલી નાટક હૈ નખરા હૈ
જબ ગુમસુમ રહ ગયા, લગાઈ
તબ ઉસને તોહમત ઘમંડ કી
કભી નહીં વહ સમઝી ઈસકે
ભીતર કીતના દર્દ ભરા હૈ
દોસ્ત કઠીન હૈ યહાં કીસી કો ભી
અપની પીડા સમજાના
દર્દ ઉઠે તો, સૂને પથ પર
પાંવ પઢાના, ચલતે જાના...

- સર્વેશ્વરદલાય સકસેના....

આ દુનિયામાં ગધેડાનું ઘેટું અને ઘેટાનું ગધેડું કરનારા એક કહેતા હજાર મળે છે... સંબંધ તો ઝાંઝવા છે, કોઈનો સાથ જીવનભર નથી રહેતો... એકલા જવાના સાથી વિના સંગી વિના... આવી બધી ફિલોસોફીની ભારેખમ વાતો જીવનમાં ઘણીવાર મમળાવવી પડે છે, 'કોઈ કોઈનું નથી રે...' નાહકના શું મથી રહ્યો... ના ભજન લલકારતા રહેવામાં પણ એક અજબ લિજ્જત પડે છે... ખરું કે નહીં!

વાસ્તવમાં કોઈ સ્વજનના મૃત્યુ પછી જયારે ક્ષણિક સ્મશાન વૈરાગ્ય આવે છે, ત્યારે બધા જ તત્ત્વદર્શનનું જ્ઞાન અચાનક લાધી જાય છે... દરેકના જીવનમાં કયારેકને કયારેક તો આ પળ આવતી જ હોય છે. આપણી અપેક્ષાઓ, ભાવનાઓ જયારે આપણે ન સમજાવી શકીએ ત્યારે જે હૃદય ડુમાય છે, તે અકથનીય છે...

અંદરની સાવ તૂટીને કૂચ્ચો વળી ગયેલો વ્યક્તિ પોતાના પરિવારની ખાતર સ્વસ્થ રહેવાનો અને હસવાનો ડોળ કરતો હોય છે... એનો અર્થ દુનિયા એવો કાઢી લે છે કે, સ્વજન જવાની કોઈ પીડા તેને નથી... જોર-જોરથી હસનાર વ્યક્તિ એટલી જ જબરજસ્તીથી પોતાની આંખની રતાશ છુપાવવાનો પ્રયત્ન કરતો હોય છે, તે સમજવાની ફુરસદ દુનિયાને નથી...

કોઈ ગણતરી આપણા ઝખ્મોની કયાં કરે?
છાતી પર ટિંગાડો ખિતાબો તો એ ગણે...

- રમેશ પારેખ

આપણી માલીયા આપણા અંતરમાં જે ખાલીપો છે, જે વેદના છે તે ઉલેચવાની તેને જાણળાની મથામણ કયાં કોઈ કરે છે? હા! જો મહેકમ-ઈલકાબ મળે તો નજરે ચડીએ છીએ...

તો વળી આશ્વાસન મેળવાની આશમાં, સહાનુભૂતિનું ઝરણું શોધતા આપણે કોઈ ખભાને આપણા હિતેચ્છુઓ ખભો ગણીને દુ:ખ ઠાલવીએ છીએ, ત્યારે પણ ચેતવા જેવું છે... આપણા દુ:ખને આપણા રુદનને 'પલપલિયા પાડનારા' ગણવામાં પણ આ જ લોકો હોય છે.

સુખની ઈર્ષ્યા કરવાવાળા ભલે મળે પરંતુ દુ:કની મજા લેવા વાળા તો કદાપિ ન મળજો...

જેને પોતાના સમજીને હૃદયની વ્યથા ઠાલવી હોય તે જ કાળમૂખા મૂર્ખાઓ વેવલો અને વેદિયો, રોતલીયો જેવા વિશેષણોથી આપણને પીઠ પાછળ નવાજે છે...

સુખને વહેંચવા માટે કોઈ કંપની ન મળે તો ચાલે પરંતુ દુ:ખ-પીડા શૅર કરવા માટે તો કોઈ હમદર્દ હોવું જ જોઈએ... પણ આવી કંપની જ ઘણીવાર વેદનાના ખેતર પર કટાક્ષ અને હાસ્યના ચાસ પાડતી જોવા મળે છે...

વખત એવો આવે છે કે આપણે મૌન થઈ જઈએ છીએ, આપણી પીડાને હૃદયના બેઝમેન્ટમાં પાર્ક કરીને બાલ્કનીમાં ન તો દુ:ખની જ સુખની શાંતી નહીં... શૂન્યાવસ્થામાં ચૂપ થઈ જઈએ છીએ. ગુમસુમ થઈ જઈએ ત્યારે પણ આ અવળચંડી દુનિયા 'ઘમંડી' અને 'મીંઢો' ગણે છે... આપણા મનોભાવો કોઈકની સમક્ષ વ્યકત કરતા પણ ગભરામણ થાય છે... રખે ને વળી કોઈ મનફાવ્યો અર્થ નીકાળી લે તો કયાં જવું!




પરીક્ષિત રાજાને ડંખ દેનાર તક્ષક નાગના વંશજો કેટલાય સ્મૃતિરૂપી સર્પો આપણે ડંખ દીધે રાખે છે, પરંતુ આપણા ઉઝરડા કોઈની નજરમાં આવતા નથી.

શાણપણ એમાં જ છે કે, આપણી પીડા આપણા દર્દ કોઈને જણાવ્યા વગર રોજ આપણા લાક્ષાગૃહમાં આપણે બળીને ઊભા થવાનું છે... કોઈના સાથ કોઈની સહાનુભૂતિની અપેક્ષાના તોરણ બારણે લટકાવેલા રાખશું તો કદી સાંત્વના નહીં મળે... આપણા શોક અને પીડા દુ:ખમાં પણ પૈસો અને સત્તામાં રુતબા પ્રમાણે દુ:ખભાગીદારી મળે છે.... કહેવાતી, દેખાવ પૂરતી ચાંગળી સાંત્વના ફક્ત રુતબાને ધ્યાનમાં રાખીને મળે છે... લાગણીથી ભીના ભીના થઈને ગળે વળગાડીને દુ:ખમાં સાથ આપનારા જ પીઠ પાછળ વગોવતા હોય છે...

આપણી તરસ છીપવા માટે મૃગજળ રાખનારી પરબો પર મીટ ન માંડશો... ઠાલી લાગણી અને ઠાલા વચનોની ભરમારથી સાંત્વનાનું ઘોડાપૂર દેખાડનારા દંભી મનુષ્યો પાસે જરા પણ ઢીલા થવું નહીં...

કાળમૂખો કાળ જયારે આપણી સાથે કાવતરું ઘડીને મજાક કરવાનું શરૂ કરે છે, પછી બીજા મગતરા જેવા માનવોની શી વિસાત? આપણા સ્નેહી સ્વજનને શતરંજની રમતના પાયદળની જેમ પળવારમાં પોતાની સાથે બોલાવી લે છે... ભૂંડા કાળ સામે જયારે આપણે કોઈ રીતે પહોંચી નથી શકતા ત્યારે પીડાને પી જવામાં જ શાણપણ છે...

સમયના હાથને કઈ રીતે ઠેલશો પાછો?
એ માગે ચીજ છે તમને ય વ્હાલી હોઈ શકે.

- રમેશ પારેખ

આપણો રસ્તો આપણે ખુદ કંડારવાનો છે, એકલા રસ્તો બનાવવાનો છે,

તને જે ગીત આવડે તે ગા
તું એ રીતે સ્વયંની વ્હારે ધા...

- ર.પા.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# માનવીય સંબંધો ઉદારતાથી ઉજળા થાય છે અને વિશાળતાથી વિકસિત થાય છે

'મારે કંઈ સાંભળવું નથી, બસ હવે મારી જમીન મારે તમને જ વેચવાની છે' તારીણીબહેને સુકુમારભાઈ તથા તેમની પત્નીને કહ્યું.

વાત છે ૧૯૭૦ના દાયકાના આરંભની. હજુ પોતાનું મૂળ ઘર છોડીને નદીને પાર બંગલો બનાવીને રહેવા જવાનું બધાંને નસીબમાં પણ ન હતું. અને બધાને આર્થિક રીતે પરવડે તેમ પણ ન હતું. ધીમે ધીમે વિકસતા જતા શહેરમાં લોકો 'આઉટ સ્કર્ટ' કહેવાય એવા વિસ્તારોમાં ટેનામેન્ટ કે સોસાયટીઓ બનાવીને બંગલામાં રહેતા થયા હતા. ફલૅટનો તો વિચાર પણ હજુ આવ્યો ન હતો.

સુકુમારભાઈ અને તેમના પત્ની શાલિનીબહેન બંને નોકરીયાત પરિવારના વાતાવરણમાંથી આવતા હતા. લગ્ન પછીના દાયકામાં દીકરો-દીકરીનો પરિવાર હતો અને લાગણીશીલ સ્વભાવના કારણે મહેમાનોની આવનજાવન વિશેષ રહે એટલે જે કાંઈ આવક-બંનેના પગારમાંથી થાય એમાંથી બચત થવાનો અવસર પણ ઓછો આવતો હતો.

શાલિનીબહેનની પ્રાથમિક શાળાની એક બહેનપણી હતી રમા... બંનેની દોસ્તી એકદમ પાક્કી- એ જમાનામાં સોશિયલ મીડિયા કે પાર્ટી જેવું કાંઈ ન હતું તોયે બંને એકબીજા સાથે જોડાયેલા રહે અને દોસ્તી નિભાવે. સમય જતા આ દોસ્તી ઘનિષ્ઠ બની, પારિવારિક બની કારણ કે બંનેના લગ્ન થયા પછી ખ્યાલ આવ્યો કે રમાના જેઠાણી કલાબહેન અને શાલિનીના મોટી બહેન સુકન્યા પણ બાળપણની બહેનપણીઓ હતી. બંને પરિવારના ભાઈઓ પણ કૉલેજમાં એકબીજાથી પરિચિત હતા.

પારિવારિક પ્રસંગોએ - તહેવારો સમયે અને રજાઓમાં સહુ એકબીજા સાથે હવે-મળે - ભોજન કરે એટલે વિશેષ નિકટતા કેળવાય એ સ્વભાવિક હતું. રમા અને કલાના પરિવારના પુરુષ સભ્યો વ્યવસાયોમાં રોકાયેલા હતા એટલે આર્થિક રીતે સમૃદ્ધ હતા અને બગલાંમાં રહેતા હતા. વાતમાંથી વાત નીકળતા એકવાર રમાએ શાલિનીને કહ્યું, 'હવે તમે પણ ભાડાના ઘરમાંથી નીકળીને તમારા પોતાનો બંગલો બનાવી લ્યો... સ્વાભાવિક રીતે પોતે નોકરીયાત પગારની આવક પર જીવતા હોવાથી જાગૃત હતા એટલે એમણે જવાબ આપ્યો' અમારે તો હમણા ભાડાના ઘરમાં જ જીવવાનું છે - સમય આવશે ત્યારે વળી બંગળા માટે કાંઈ વિચારશું.'' વાત સાંભળીને રમાએ કહ્યું, 'અરે હોતા હશે, શોધો તો જમીને મળેને બંગલા પણ મળે....' આમને એ દિવસે તો વાત અટકી ગઈ.

ફરી બે-ત્રણ મહિને સહુ મળ્યા ત્યારે કલાબહેન શાલિની અને સુકમારભાઈને કહ્યું કે 'અમારે જ એક જમીનનો ટુકડો વેચવો છે તમારે પસંદ આવે તો તમે ખરીદી લો.' રમાએ અને તેના પતિએ પણ સાથ પુરાવ્યો ' જમીન જોઈ તો આવો.'

થોડા દિવસો બાદ સુકુમાર અને શાલિની એ જમીન જોઈ આવ્યા. શહેરથી થોડે દૂર હતી પણ ભવિષ્યમાં રહેવાનું ગમે એવી હતી અને વળી અઘાટ પ્લોટ હતો એટલે કોઈ સોસાયટીના બંધનો નહિ, આમ જમીન તો ગમી પરંતુ વર્તમાન બજાર ભાવની રકમ કયાંથી કાઢવી ? એટલે ફરી બંને વાતને આગળ વધારવામાં અટકી ગયા, ફરી કલાબહેને વાત ઉચ્ચારી એટલે કહ્યું કે, 'અત્યારે આટલી મોટી રકમ અને ન શકીએ? એના જવાબમાં કલાબહેને પ્રેમાળ સ્વરે કહ્યું કે...' મારે હવે કાંઈ સાંભળવું નથી, મારે આ જમીન, કોઈને તો વેચવી જ છે, તો તમને કેમ ન વેચું? મારી ઈચ્છા છે તમે આ જમીન પર બંગલો બનાવો અને ભવિષ્યમાં આનંદથી રહો... રહી વાત પૈસાની તો અત્યારે હાથ ઉપર છે એટલી રકમ આપી દો અને બાકીની રમક તમારી અનુકૂળતાએ આપજો' આમ વાત આગળ વધી. થોડી ઘણી રકમ બચતની હતી તે આપી અને બાકીની રકમ ચુકવી દીધી અને કોર્ટ - કચેરીના - સરકારી કાગળો અધિકૃત રીતે થયા - થોડા વરસો પછી એ જમીન પર બંગલો બનાવ્યો અને પરિવાર સુકી થયો. એક અર્થમાં ઉકળતી જમીન હતી એટલે દીકરા-દીકરી પરણીને સુખી થયા - આખુંયે ઘર હંમેશાં મહેમાનોથી ભર્યું ભર્યું રહેતું હતું અને એટલે જ આજે પણ કયારેક શાલિની બહેન વાત નીકળે તો હંમેશા રમા અને કલાને યાદ કરે છે કે એમની લાગણી હતી - તો અમને આજે પૂરી રકમ ચૂકવીને બંગલો બનાવવા મળ્યો અનો આનંદ છે.




પાંચેક દાયકા પહેલાની આ ઘટનામાં માનનીય સંબંધોની ગરિમા અને હૂંફ પ્રતિબિંબિત થાય છે.

સંબંધો લોહીના હોય કે લાગણીના પરંતુ એમા માત્ર પ્રેમ હોય - સામેના પાત્રને હસતો જોવાની - રાજી જોવાની સંવેદના હોય, સાથે મળીને વહેંચીને ખાવાનો ઉમળકો હોય, મહેનતની રકમ ભલે લઈએ પણ એકબીજાનું શોષણ ના હોય ત્યારે આવા સંબંધો બને છે. આવા સંબંધો જીવન જીવવા માટેનું પ્રેરક બળ બની રહે છે.

આવા સંબંધોને ટકાવવામાં - સંવર્ધિત કરવામાં સમર્પણ - વધતું - ઘટતું જતું કરવાની ભાવના, સામેના પાત્રની જરૂરિયાતો અને ગમા-અણગમા, જેવી બાબતોનો ખ્યાલ રખાય છે સાહજિકરૂપે અને પરિણામે ઉત્તમ સ્વજનો - મિત્રો મળે છે.

ઉદારતાથી ઉજળા થાય છે માનવીય સંબંધો અને વિશાળતાથી વિકસિત થાય છે આ સંબંધો સામેના પાત્રની જરૂરીયાત પૂરી કરવામાં - માત્ર આંગળી ચીંધવામાં - માનસિક હૂંફ આપવામાં જયારે કોઈ નિમિત્ત બને છે ત્યારે સામેની વ્યક્તિના જીવનમાં એક નાનકડું સપનું પુરું થયાનો આનંદ પ્રગટે છે અને આસપાસ મૈત્રીના દીવડાના અજવાળા રેલાય છે.

***તેજપુંજ :***

એક જ વાર એણે કહ્યું દોસ્ત છું,
પછી મેં કયારેક ન કહ્યું વ્યસ્ત છું